# ખેડબ્રહ્માના આર.એફ.ઓ.એ પાસ પરમીટ વગરની વાંસની લાકડીઓ પકડી

## ટેમ્પો મળી ૩.૫૦ લાખના મુદ્દામાલ સાથે ચાર ઈસમો પકડાયા, બે ફરાર

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્માની રેન્જ ફોરેસ્ટ ઓફીસ નોર્મલના આરઓફઓ તથા સ્ટાફે બાતમીના આધારે મંગળવારે સવારે દેરોલ ગામ પાસે નાકાબંધી કરતા ટેમ્પામાંથી પાસ પરમીટ વગરના લાકડીઓ અંદાજે (વળી) ૧૨૦૦ નંગ તથા ટેમ્પો મળી રૂ. ૩ લાખ ૫૦ હજારનો મુદ્દામાલ કબજે લઈ ચાર વ્યક્તિઓને પકડ્યા હતા. જયારે મોટર સાઈકલ ઉપર પાયલોટીંગ કરતી બે વ્યક્તિઓ ફરાર થઈ ગઈ હતી. પરવાનગી વગર જંગલના લાકડા કાપી ચોરી કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્મા રેન્જ ફોરેસ્ટ ઓફીસ નોર્મલના આર.એફ.ઓ. એન.જે. પટેલને બાતમી મળી હતી કે મંગળવારે સવારે દેરોલ ગામ થઈ વાંસની લાકડીઓનું વાહન પસાર થવાનુ છે તેથી જિલ્લાના નાયબ વન સંરક્ષક કે. રમેશના માર્ગદર્શન હેઠળ આરએફઓએ સ્ટાફ સાથે વહેલી સવારે ૬ વાગ્યાના સુમારે દેરોલ ગામ પાસે નાકાબંધી કરી હતી. દરમિયાન ટેમ્પા નંબર જી.જે.૦૯.ટી.૯૦૫૭ને દેરોલ ગામ પાસેથી પસાર થતી હરણાવ નદીના ડીપ ઉપર ઉભો રાખી તપાસ કરતા વાંસની લાકડીઓ ભરેલી હતી. ટેમ્પા માલિક ડ્રાઈવર તથા લાકડીઓ ભરાવનાર પાસે પાસ પરમીટની માંગણી કરતા આધાર પુરાવો રજુ કરી શક્યા ન હતા.



તેઓની વધુ પુછપરછ કરતાં રાજસ્થાનના કોટડા-છાવણી તાલુકાના મહાદ ગામ તથા દોતડ ગામ પાસેના જંગલમાંથી વાંસની લાકડીઓ કાપી એકત્ર કરેલી લાકડીઓ અંદાજે ૧૨૦૦ નંગ ટેમ્પામાં ભરી વડાલી તાલુકાના ભંડવાલ ગામે લઈ જતા હતા. ટેમ્પાના ડ્રાઈવર માલીક તથા માલ ભરાવનારે આ લાકડીઓ રાજસ્થાન જંગલમાંથી ચોરીની હોવાનું જણાવ્યું હતું. વન કાયદા અને ગુનાની જાણ હોવા છતાં ઈરાદાપૂર્વક ગુનો કરાયો છે તેમ ટેમ્પો તથા વાંસ ખેડબ્રહ્માની નર્સરીમાં લાવવામાં આવી હતી. તેમજ ટેમ્પાના માલિક સિદ્ધરાજસિંહ માનસિંહ ઝાલા ઉં.વ. ૩૫ રે. વડાલી, ડ્રાઈવર વિક્રમભાઈ લક્ષ્મણભાઈ ભોઈ ઉં.વ. ૩૦ તથા લાકડીઓ ભરાવનાર જવાભાઈ લુકાભાઈ તરાળ ઉં.વ. ૨૫ રે. દોતડ રાજસ્થાન તથા તુલસીભાઈ મણીલાલ તરાળ ઉં.વ. ૨૦ રે. દોતડ રાજસ્થાનને પકડી રેન્જ ફોરેસ્ટ કચેરીમાં વધુ વિગતો મેળવવાની કાર્યવાહી ચાલુ છે. જયારે દોતડ રાજસ્થાનના દિનેશભાઈ બાબુભાઈ તરાળ તથા હરીશભાઈ કરમાભાઈ તરાળ ફરાર થઈ ગયા હતા. આર.એફ.ઓ. એન.જે. પટેલ સાથે ઓફીસનો સ્ટાફ જે.પી. ચાવડા, બી.ટી. ખોખરીયા, એલ.બી. બુબડીયા સહીતના કર્મચારીઓ



નાકાબંધીમાં સહયોગમાં હતા. ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ મુજબની કલમ ૨૬(૧) અને બિન અધિકૃત માલ વહન કરવાની કલમ ૪૧ (૧) (૨-બી) તથા વન ગુનામાં સંડોવાયેલ વાહન ખાલસા કરવાની કલમ ૬૧(૬) હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



અખિલ વિશ્વ ગાયત્રી પરીવાર ધ્વારા હોળીના પાવન પ્રસંગે અશ્લીલતા નિવારણ દિવસ મનાવવાનું નક્કી કરેલ છે. તે આધારે આજે ભિલોડા તાલુકા ગાયત્રી પરીવાર ધ્વારા રેલી કાઢવામાં આવી હતી અને અશ્લીલતાના પુતળાનું દહન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. હોળી અશ્લીલતાને બાળવાનો અને શિષ્ટતાને બચાવવાનો તહેવાર છે. હોલીકા અશ્લીલતા છે અને ભક્ત પ્રહલાદ શિષ્ટતા છે.




## અંબાજી ગબ્બર પરિક્રમા પથ પરના બે મંદિરમાં ચોરી

યાત્રાધામ અંબાજી મંદિરમાં રૂ. ૧.૨૭ લાખના મળેલી બીનવારસી રકમ મામલે હજી વિવાદ શમ્યો નથી ત્યાં આજે ફરી અંબાજી મંદિર ટ્રસ્ટ સંચાલિત ગબ્બર પરીક્રમા પથ ઉપર એકાવન શક્તિપીઠ મંદિર પૈકીના ૧૭ અને ૧૮ નંબરના મંદિરોમાં તસ્કરો દ્વારા ચોરી થયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે. ગબ્બર પરીક્રમા પથ ઉપર એકાવન શક્તિપીઠ મંદિરના આઠ નંબરના પશ્ચિમ બંગાળ મંદિર શંકુલના ૧૦ મંદિર પૈકીના ૧૭ નંબર વીમલાદેવી મંદિર અને ૧૮ નંબરના નલહઢી માતાના મંદિરમાં દરવાજાના તાળા તોડી ભંડાર પેટી તોડી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો છે જો કે પૂંજારીઓ આજે મંદિરની પૂજા કરવા જતા મંદિરના તાળા તુટેલો જોતા મંદિર ટ્રસ્ટને જાણ કરી હતી.

# હિંમતનગરમાં બાકીદારોની ટેક્ષ વિભાગે ૫ દુકાનોને સીલ કરી

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગર નગરપાલિકાએ શહેરમાં ટેક્ષ બાકી હોય તેવા સાતસોથી વધુ બાકીદારોને નોટીસો પાઠવી હતી. જેમાંથી ઘણા બાકીદારોએ ટેક્ષ પાલિકામાં જમા કરાવી દીધો હતો. પરંતુ કેટલાક બાકીદારોએ હજુ પણ વેરો પાલિકામાં જમા ન કરાવતા પાલિકાના હાઉસ ટેક્ષ વિભાગ દ્વારા વેરો વસુલવા કડક કાર્યવાહી હાથ ધરી શહેરની ૫ દુકાનોને સીલ મારવામાં આવ્યા હતા. જયારે ૪૦થી વધુ બાકીદારોના નળ કનેક્શન કાપી નંખાયા હતા. જેના પગલે બાકીદારોએ પાલિકામાં દોડધામ કરી મુકી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગર નગરપાલિકા દ્વારા ટેક્ષ બાકી હોય તેવા અરજદારોને નોટીસ આપી ટેક્ષ ભરવા માટે જણાવાય છે. બાકીદારોને ગુજરાત નગરપાલિકા અધિનિયમ હેઠળ નોટીસો આપવામાં આવતા સાતસોથી વધુ બાકીદારોએ પાલિકામાં પોતાનો બાકી ટેક્ષ જમા કરાવી દીધો હતો. જયારે નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવ પારેખના માર્ગદર્શન હેઠળ વેરા વસુલાત ઝુંબેશ હેઠળ ટેક્ષ વિભાગની ટીમ દ્વારા ૫ દુકાનોને સીલ મારી દેવાની કડક કાર્યવાહી કરાઈ હતી. તેમજ ૪૦થી વધુ બાકીદારોના નળ કનેક્શન કાપી નંખાયા હતા.

પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે બાકીદારોની મિલકત નંબર ઉપર બોજાની નોંધ કરી હવે રેવન્યુ રાહે ખાલસા કરવા સુધીના પગલા ભરવા બાકીદારોને આખરી નોટીસ આપી જાણ કરાઈ છે. શહેરના બાકીદારો હવે જો ચાલુ માસ પૂર્ણ થતા સુધીમાં પાલિકાનો બાકી વેરો જમા નહિ કરાવે તો તેવા બાકીદારોની મિલકત સીલ કરવાથી માંડી નળ-ગટર કનેક્શનો કાપવાની કામગીરી ઝુંબેશ રૂપે ચાલુ રખાનાર છે. જેથી મિલકતને સીલથી બચાવવા અને નળ કનેક્શનો કપાતા શહેરના કેટલાક બાકીદારોએ મંગળવારે પાલિકામાં દોડધામ કરી મુકી હતી.

## ભિલોડા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતાની નિમણુંક

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયતમાં વિરોધ પક્ષના નેતા તરીકે નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.સુનસર ગામની ધી સુનસર દુધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. ચેરમેન કાનજીભાઈ ગોબરભાઈ પરમારની તાજેતરમાં ભિલોડા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા તરીકે નિમણુંક થતાં ચારેકોર આનંદની લાગણી પ્રસરી છે.

# શક્તિપીઠ અંબાજી ખાતે ૨.૩૯ કરોડ દર્શનાર્થીઓએ દર્શન કર્યા

## અંબાજી યાત્રાધામના વિકાસ માટે આગામી સમયમાં ૮૩.૫૨ કરોડના પ્રોજેક્ટનું આયોજન

## મંદિરના ૬૧ ફૂટ ઉંચા શિખરમાંથી ૪૧ ફૂટ શિખરને સોનાથી મઢી દેવાયું



અંબાજી, તા. ૨૨

સમગ્ર દેશનું આસ્થાનું પ્રતિક અને ગુજરાતનું ગૌરવ એવું અંબાજી શક્તિપીઠ ખાતે યાત્રાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ગત વર્ષ અંબાજી યાત્રાધામ ખાતે ૨.૩૯ કરોડથી વધુ દર્શનાર્થીઓ દર્શન કરી પાવન થયા છે.

વિધાનસભા ખાતે અંબાજી યાત્રાધામના ગીનીસ બુક રેકોર્ડ અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી જાડેજાએ ઉમેર્યું છે કે, અંબાજી યાત્રાધામ ખાતે વર્ષ ૨૦૧૫માં ૧૧,૧૧૫ કિલોગ્રામનો લાડુ રેકોર્ડ આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તા. ૨૪-૯-૧૫ના રોજ તથા ૬૪ ફૂટ ૧ ઈંચ લાંબી અગરબત્તીનો રેકોર્ડ તા. ૧૭-૧૦-૧૫ના રોજ નોંધાયેલ છે. અગાઉ લાડુનો રેકોર્ડ આંધ્રપ્રદેશના વેન્કટેશ્વર મંદિરમાં ૮,૩૬૯ કિલોગ્રામનો લાડુ તથા ૫૧ ફૂટ લાંબી અગરબત્તીનો રેકોર્ડ જામનગર ખાતે જગડુશા મંદિરના રેકોર્ડને તોડીને ગીનીશ બુક રેકોર્ડમાં સ્થાન હાંસલ કર્યું છે.

મંત્રી જાડેજાએ ઉમેર્યું કે યાત્રાધામ અંબાજી ખાતે દર્શનાર્થીઓની સંખ્યામાં થઈ રહેલ વધારાને ધ્યાને રાખીને રાજ્યભરમાં આગામી સમયમાં રૂ. ૮૩.૫૨ કરોડના વિવિધ વિકાસ કામોના પ્રોજેક્ટ આયોજન હેઠળ છે. જેમાં ગબ્બરના પગથિયા, અંબિકા ભોજનાલય, મંદિરના ચાચર ચોકમાં ફ્લોરીંગ, રોશની સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનાવાશે. તેમણે ઉમેર્યું કે ભાદરવી પૂનમના મેળામાં દેશભરમાંથી યાત્રિકો પગપાળા દર્શનાર્થે આવે છે. અંબાજી આરાસુરી ટ્રસ્ટ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ખાસ તકેદારી સમગ્ર મેળામાં રાખવામાં આવે છે. રાજ્યભરમાંથી આ વર્ષે ૨૯ લાખથી વધુ પદયાત્રીઓ દર્શન કરી પાવન થયા છે.

# પ્રાંતિજમાં C-MAM વર્કશોપ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત સરકાર દ્વારા અંતિ કુપોષિત બાળકોને સમયસર સઘન સારવાર આપી સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવાનાં અભિયાનના ભાગરૂપે પ્રાંતિજ તાલુકાને C-MAMના પાયલોટ પ્રોજેક્ટમાં લીધેલ છે. તે મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મનિષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ ખાતે તમામ આરોગ્ય સ્ટાફનો વર્કશોપ તા. ૨૧/૮/૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો .જેમાં આવાં અતિ કુપોષિત બાળકોને શોધી કાઢી તેમને જરૂરી સારવાર અને પૂરક પોષણ આપવા પર ભાર મૂકવામાં આવેલ હતો. આ વર્કશોપમાં જિલ્લા તાલીમ ટીમનાં સીનીયર મેડીકલ ઓફિસર ડા એન. એમ. શાહ તથા જિલ્લા આર.સી.એચ અધિકારી ડા. શ્રીમાળીએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ વર્કશોપ ને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસર ડા. ગૌત્તમ નાયક અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવેલ હતી.

## ગૌમાતાની રક્ષા માટે તેને રાષ્ટ્ર માતા જાહેર કરો

સાબરકાંઠા સહિત ગુજરાતમાં અનેક સ્થળે ગાય માતાની છડેચોક કતલેઆમ થઈ રહી છે ત્યારે હિંદુ તથા અન્ય લોકોમાં દુ:ખની લાગણી પ્રસરી છે. જેથી તાજેતરમાં રાજકોટના એક કાર્યકરે ગૌમાતાની રક્ષા માટે તથા તેની કતલ અટકાવવા માટે જાનની કુરબાની આપી દીધી છે ત્યારે ગૌમાતાની રક્ષા માટે તેને રાષ્ટ્ર માતા જાહેર કરવા માટે સોમવારે સાબરકાંઠા જિલ્લા ગૌ સેવા દળ અને જીવદયા પ્રેમીઓએ કલેકટરને સંબોધી આવેદનપત્ર આપ્યુ છે.

આવેદનપત્રમાં ગૌરક્ષક ભેરારામ ચૌધરી, કનકસિંહ ઝાલા, નિહારભાઈ દેસાઈ, રાજુભાઈ દેસાઈ તથા સાંકાભાઈ દેસાઈના જણાવાયા મુજબ હિંદુ ધર્મમાં ગાયને માતા કહી સંબોધવામાં આવે છે અને પવિત્ર પણ માનવામાં આવે છે. ઉપરાંત હિંદુ ધર્મની માન્યતા મુજબ ગાય માતામાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ છે ત્યારે દેશમાં આ ગાય માતાની હત્યા, કતલ કરીને ગૌ માંસ વેચવામાં આવે છે. જે અટકાવવા માટે સરકારે ચોક્કસ કાયદો બનાવવો જોઈએ.વર્ષોથી જીવદયા પ્રેમીઓ ગાય માતાને રાષ્ટ્ર માતા જાહેર કરવા માટે માંગ કરી રહ્યા છે ત્યારે સરકારે ગાય માતાને રાષ્ટ્ર માતા જાહેર કરી તેની કતલ થતી અટકાવવી જોઈએ.

# મોડાસામાં શબ્દસેતુ દ્વારા વિશ્વ કવિતા દિનની ઉજવણી

વિશ્વ કવિતા દિન નિમિત્તે ‘શબ્દસેતુ’ મોડાસા દ્વારા સ્વરચિત કવિતા પઠનના કાર્યક્રમનું આયોજન સરસ્વતી બાલમંદિરમાં કરાયેલ હતુ. સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખશ્રી નિલેશ જોષીની અધ્યક્ષતામાં શબ્દસેતુના પ્રમુખશ્રી ડૉ. જિજ્ઞેશ સુથાર, મંત્રી સલીમ શેખ, ઉપપ્રમુખ અંબાલાલ પટેલ, માસુમ મોડાસલી, કાન્તિલાલ જો. પટેલ, ડૉ. પિનાકીન પંડ્યા, ઈશ્વરભાઈ શ્રીગોડ વિગેરેએ કાર્યપાઠ કરેલ હતો. પ્રમુખ ડૉ. જિજ્ઞેશભાઈએ સૌનું સ્વાગત કરતા, પ્રવર્તમાન સમયમાં કવિતા સર્જન, કાવ્ય શિક્ષણ, કાવ્યાનુભૂતિ અને આ વિસ્તારના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષી વિશે વિગતે વાત કરી હતી. અંતમાં મંત્રી સલીલ શેખે સૌનો આભાર માન્યો હતો.

# ઝરડા ગામે દરોડામાં પોલીસે ૭૨ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી એલસીબીને બાતમી મળી હતી કે ઝરડા ગામે રૂપસી જીવા પારગીના ઘરે તેનો જમાઈ સુકા બાબુ ડુંડ રહે. ડોડીસરા, તા. ભીલોડાએ સીલ્વર કલરની મેક્સ ગાડીમાં ઈંગ્લિશ દારૂ તથા બીયરની પેટીઓ ઉતારી ગયા છે અને તે ઈંગ્લિશ દારૂ રૂપસી જીવા પારગીના ઝરડા ગામે તેના ઘરમાં સંતાડી રાખી વેપાર કરે છે. ઝરડા ગામ અંતરીયાળ અને ડુંગરાળ ગામ હોઈ તેની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી એલસીબીએ વધુ પોલીસ જવાનો માટે મેઘરજ પોલીસ સ્ટેશનને જાણ કરી વધુ પોલીસ સાથે ઝરડા ગામે રેડ કરતા રૂપસીના ઘરમાંથી ઈંગ્લિશ દારૂ ઝડપાયો હતો. જેમાં રોયલ વિસ્કી ૩ પેટી ૩૭ નંગ રૂ. ૧૪,૪૦૦, પ્રિમીયમ વિસ્કી ૮ પેટી તથા છુટક નંગ ૨૪ સાથે મળી ૧૨૦ નંગ રૂ. ૩૬ હજાર, હેવલ્સ બીયર ૧૯ પેટી નંગ ૨૨૮ રૂ. ૨૨,૮૦૦ જેમાં કુલ નંગ ૩૮૪, જેની કિંમત રૂ. ૭૩,૨૦૦નો મુદ્દામાલ ઝડપાયો હતો. આરોપી રૂપસી જીવા પારગી, રહે. ઝરડા, તા. મેઘરજ, સુકા બાબુ ડુંડ રહે. ડોડેશરા, તા. ભીલોડા બંને આરોપી ફરાર છે. પોલીસે ગુજરાત પ્રો. હી. એક્ટની કલમ મુજબ ગુન્હો નોંધી આરોપીઓને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# ધાનેરા વિસ્તારમાં ઠાકોર સેના દ્વારા ડી.જે. સાથે બાઈક રેલી યોજાઈ

ધાનેરા, તા. ૨૨

સમગ્ર ગુજરાતમાં ઠાકોર સેના દ્વારા વ્યસનમુક્તિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેને લઈ આજે ધાનેરા શહેર સહીત ધાનેરા તાલુકાના ગામડે-ગામડે ઠાકોર સેના દ્વારા ડી.જે. સાથે બાઈક રેલી નીકળી ગામમાંથી વ્યસન છોડવા માટે લોકોને અપીલ કરી હતી. તો ગામ લોકોએ પણ ઠાકોર સેનાનું સ્વાગત કરી સન્માન કર્યુ હતુ તો બીજી તરફ ધાનેરા શહેર જાણે દારૂડિયાનું ધામ બની ગયું હોય તેમ દારૂડિયા દારૂ પીને બેફામ ફરે છે જાહેરમાં મહિલાઓને પણ નીચું જોવાનો વારો આવે છે.



ઠાકોર સેના દ્વારા ગુજરાતમાં વ્યસનમુક્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને તેમાં ઠાકોર સેનાને સફળતા પણ મળી રહી છે. કહેવાય છે કે બે હાથે તાળી પડે તેમ ઠાકોર સેનાની સાથે જો ગુજરાતની પોલીસ પણ જાગે તો ધાનેરા નહિ પણ ગુજરાતમાંથી દારૂને દેશવટો આપી શકાય. આજે ઠાકારો સેના દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને જેમાં ડી.જે. અને બાઈક રેલી નીકાળવામાં આવી હતી. આ રેલી ધાનેરા સહીત ધાનેરાના ગામડે ગામડે ફરી હતી અને લોકોને વ્યસનથી દૂર રહેવા માટે અપીલ પણ કરી હતી.

ત્યારે ધાનેરા ઠાકોર સેનાના પ્રમુખે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમે આજે આ રેલીનું આયોજન કર્યુ છે અને અમને જે જગ્યા પરથી દારૂની બાતમી મળશે તે જગ્યા ઉપર બે દિવસ પછી પોલીસને સાથે રાખીને જનતા રેડ કરવામાં આવશે. ઠાકોર સેનાની આ કામગીરીને લોકોએ બિરદાવી હતી અને ઠાકોર સેનાના લોકોનું ગામ લોકો દ્વારા શાલ ઓઢાડી સન્માન પણ કર્યું હતું. એક તરફ ઠાકોર સેના વ્યસન મુક્તિ અભિયાન પાછળ રાત દિવસ એક કરી રહી છે તો બીજી તરફ ધાનેરા શહેરમાં દારૂડિયા બેફામ બન્યા છે અને જાહેર રસ્તા પર દારૂ પીને બે ભાન હાલતમાં પડી રહેલા જોવા મળે છે અને તેમના કપડાનું પણ ઠેકાણું હોતુ નથી જેને લઈ જાહેર રસ્તા પર ચાલતી મહિલાઓને નીચુ જોવું પડે છે ત્યારે હવે એક સવાલ ઉભો થયો છે કે આ દારૂડિયાઓ સામે કાર્યવાહી કરશે કોણ? કહેવાય છે કે બે હાથે તાળી પડે તેમ ઠાકોર સેનાની સાથે જો ગુજરાતની પોલીસ પણ જાગે તો ધાનેરા નહિ પણ ગુજરાતમાંથી દારૂને દેશવટો આપી શકાય.



મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં આવેલી રસુલાબાદ સોસાયટીના રહીશોને પીવાનું પાણી પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે નગરપાલિકાતંત્ર દ્વારા પાણીનો ટાંકો અને સંપ બનાવવામાં આવ્યા છે. આ સંપ પરથી યુજીવીસીએલની ૧૧ કીવીની હેવી લાઈન પસાર થાય છે. સોમવારે સવારે આ વિસ્તારમાં રહેતા બાળકો સાથે અનવર શેખ (ઉં.૧૦ વર્ષ) રમત રમી રહ્યો હતો ત્યારે અનવર રમત-રમતમાં સંપ પર ચડી ગયો હતો અને ઉપરથી પસાર થતી વિજલાઈનના તારને અડકી જતા વિજકટંરનો જોરદાર ઝાટકો લાગતા બાળક નીચે પટકાઈ ગયો હતો અને બાળકના શરીરે વિજકરંટથી દાઝી જતા આજુબાજુમાંથી દોડી આવેલા લોકો તાબડતોડ ઈજાગ્રસ્ત બાળકને મોડાસાની ઘાંચી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયો હતો. આ આકસ્મિક ઘટનાના પગલે નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ ચૂંટાયેલા કોર્પોરેટરો સહિત નગરપાલિકા ઈજનેર દેવાંગ સોની, પી.આર.ઓ. સકીલ દધાલિયા વાળા સહિતના લોકો હોસ્પિટલ પહોંચી ગયા હતા અને બાળકના વાલીને ૫૦૦૦ રૂપિયા રોકડાની સહાય કરી બાળકને અમદાવાદ વધુ સારવાર નિ:શુલ્ક ઉપલબ્ધ કરવા સહિત યુજીવીસીએલ કંપનીને તાકિદે હેવી વીજલાઈન હટાવી લેવા માટે જણાવી દેવાયું હતું.